

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નપાસ થઈને બાળક જાય છે નાનાણે!*
*ને અન્યાય થાય તો રાવ ખાય છે નાનાણે*
*ઉતારી ને ભાર હળવો થાય છે નાનાણે -*
*પપ્પુ ભૈ, નિરાંતનો પોરો ખાય છે નાનાણે...*

હાઈકુ

*'કાકા' એ કર્યું -*
*લ્યો ! 'રમણ' - ભ્રમણ,*
*સિવિલ કૅંપસ્*

*મોટા સંતો નો*
*છૂટતો નથી અહં -*
*આપણે કોણ?!*

### ચિંતન

*સુનકે નિંદક મર ગયા, પલટુ દિયા હૈ રોય ।*
*નિંદક જીવે જુગન જુગ, કામ હમારા હોય ॥*

**ઉપરોક્ત ચોપાઇ સંત પલટૂદાસજી ચોપાઈ સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**સંત પલટૂદાસ કહે છે કે મારી નિંદા કરવાવાળો મરી ગયો જાણીને હું બહુ રડ્યો, કારણ કે તે જીવતો હતો અને મારી નિંદા કૂથલી કરતો હતો, તેથી જ તો હું સાવધાન રહી શક્યો.'આ એક સુંદર વાત છે જે નિંદક માટે કહેવામાં આવી.' પરંતુ જે પોતે નિંદક છે, તેણે શું અને કેમ વિચારવું એ પણ એક અલગ વિષય છે.**

**આથી જ એક સુભાષિતમાં કહેવાયું છે કે 'પશુનતા યદિ અસ્તિ કિં પાતકૈ : ??'**

**અર્થાત જેને ચાડી પૂરવાની ટેવ છે, તેણે બીજા પાપ કરવાની આવશ્યકતા નથી.**

### સુવિચાર

- સાચી કલા શ્રદ્ધાથી પ્રસ્તુત કરેલી ઈશ્વરની અનુકૃતિ છે - **અખંડ આનંદ**
- કાયદો એક એવી ખાઈ જેવો છે, જેને તળિયું નથી - **લોંગફેલો**
- કાયદો ડગમગતા જાય છે, પણ સાહસિક મોટે ભાગે વિપત્તિઓ પર વિજય પ્રાપ્ત કરે છે - **સંત રોબિન**
- દુશ્મન ભાવે કરવામાં આવેલું સુંદર કાર્ય અને ગર્વની ભાવનાથી કરવામાં આવેલું મહાન ન ગણાય - **એસ. ભટ્ટાચાર્ય**
- અધૂરું કાર્ય અને અપરાજિત શત્રુ વણબુઝાયેલા તણખા જેવા છે - **માર્ક ટ્વેઈન**
- શરીર માટે કામ શોધો, મને ને આપોઆપ આનંદ આવશે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : કાનમાં કોઈ જીવ-જંતુ ગયું હોય તો સરસિયાના તેલના ટીપા નાખવાથી તે મરી જાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કલકત્તાના દક્ષિણેશ્વર મંદિરના પૂજારી શ્રીરામકૃષ્ણ પરમહંસના મોટાભાઈ, રામકુમાર હતા. એ વખતે શ્રી રાણી રાસમણિદેવીએ મોટું મોટું મંદિર આપી મંદિર બંધાવેલું. રાણીનો મોટ વ્યાપાર હતો. તેમનો કારભાર એમના જમાઈ મથુરાભાઈ સંભાળ્યા. એક વાર મથુરાનાથની ઈચ્છાથી રાણી શ્રી રામકૃષ્ણ પરમહંસના ભજન સાંભળવા આવ્યા. ઊંચા સ્થાનેથી બિરાજમાન રાણી ભજન સાંભળવા હતાં. આકસ્મિત ભજન ગાવાનું બંધ કરી શ્રી રામકૃષ્ણે રાણીને જોરથી એક થપ્પડ મારી દીધી. અને કહ્યું, 'તમે ભજન સાંભળવા આવ્યા છો કે દંભ કરવા? અહીં બેઠાં બેઠાં પૈસાના હિસાબ કરો છો?' ગંગાજીમાં રાણી તરફથી એક મોટી સાંકળ બાંધવામાં આવેલી અંગ્રેજોની સ્ટીમર આવતાં જતાં આ સાંકળ પાર કરવાનો કર રાણીને ચૂકવતી. તે હિસાબ રાણી અહીં ભઝન સાંભળતા સાંભળતા કરતા હતા. રાણીએ પોતાની ભૂલ કબૂલ કરી અને શ્રી રામકૃષ્ણ પરમહંસની ક્ષમા માંગી.

# સર્વોચ્ચ પદને શોભે એવા નામની તલાશ

ભારતના રાજબંધારણ મુજબ દેશના સર્વોચ્ચ શાસનકર્તા અને સૈન્યની ત્રણેય પાંખોના સરસેનાપતિ તરીકેની ફરજ રાષ્ટ્રપતિએ બજાવવાની છે. જો કે રાષ્ટ્રપતિ પદ એ બ્રિટીશ રાજના તાજનું સીધું અનુકરણ હોઈ એમની પાસે કટોકટી સિવાય બહુ જ મર્યાદિત સત્તાઓ રહે છે. એમના નામે શાસન જરૂર ચાલે છે પણ ખરી સત્તા સંસદીય લોકશાહીમાં ચૂંટાયેલા વડાપ્રધાન અને એમનું મંત્રીમંડળ ભોગવે છે. છેલ્લી સત્તા સંસદ પાસે છે જે અનિવાર્ય સંજોગોમાં રાષ્ટ્રપતિ વિરુદ્ધ પણ 'મહાભિયોગ' - ઈમ્પીચમેન્ટની દરખાસ્ત લાવી એમને પદભ્રષ્ટ કરી શકે છે. અલબત્ત, રાષ્ટ્રપતિ અને રાજયપાલ જેવાં બંધારણીય પદો મહદંશે શોભતા ગાંઠિયા જેવાં જ બનતાં રહ્યાં છે અને અવારનવાર આવાં પદોની જરૂરિયાત મુદ્દે પણ સવાલ ઊઠતા રહ્યા છે. જો કે એક વાર નક્કી થઈ ગયા પછી બંધારણ બદલવું કે સુધારવું તે લોઢાના ચણા ચાવવા જેવું છે. છતાં ટીકાકારો આવાં પદો પાછળ થતા બેફામ ખર્ચને કારણે એમને 'ધોળા હાથી' સાથે સરખાવતા રહ્યા છે. આગામી દિવસોમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનો કાર્યકાળ સમાપ્ત થતો હોઈ નવા રાષ્ટ્રપતિની ચૂંટણીનાં ચક્રો ગતિમાન થયાં છે. એનડીએના સૌથી જૂના ઘટક પક્ષ શિવસોએ તો સંઘ વડા મોહન ભાગવતનું નામ રજૂ કરી દીધું હતું અને બનવાજોગ કે શરદ પવાર વિપક્ષ તરફથી ચૂંટણી લડવા તૈયાર થાય તો મરાઠી માણૂસના મુદ્દે શિવસેના એમને ટોકે આપે. શાસનકર્તા 'નેશનલ ડેમોક્રેટિક અલાયંસ' ના મુક્ય ઘટક પક્ષ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે સરકારના ત્રણ વરિષ્ઠ પ્રધાનોની સમિતિ રચીને વિપક્ષો સાથે સર્વસંમત નામ અંગે ચર્ચા કરવાનો તખ્તો ગોઠવ્યો છે. એ મુજબ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને ભારતીય સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી) ના મહાસચિવ સીતારામ યેચુરી સાથે ભારતીય જનતા પાર્ટીના મંત્રીઓ મુલાકાત યોજી રહ્યા છે. જો કે સર્વસંમત ઉમેદવાર નક્કી થવો મુશ્કેલ છે કારણ કે વિપક્ષો પોતાની મર્યાદાથી વાકેફ હોવા છતાં શાસન પક્ષની પસંદગીના નામ પર સહમત થાય એવી શક્યતા નહીંવત જ છે. ખરું જોતાં જ કોઈ રાષ્ટ્રપતિ બનશે એને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કહ્યાગરા કંથની જ ભૂમિકા નિભાવવી પડે એમ છે, સિવાય કે વિપક્ષો એમની ચાલબાજીથી જરૂરી મતોનું સંખ્યાબળ ગોઠવીને પોતાના ઉમેદવારને જિતાડી શકે. આવું બનવું લગભગ અશક્યવત્ છે અને એથી જ સોનિયા ગાંધીએ સામે ચાલીને શરદ પવાર જેવા એક સમયના એક ટીકાકાર મરાઠા નેતાને ઉમેદવારીને કરીને હારવાનું જ હોય તો કોણ તૈયાર થાય ? રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પૌત્ર અને પશ્ચિમ બંગાળના માજી રાજયપાલ ગોપાલ કૃષ્ણ ગાંધી વર્તમાન સંજોગોમાં કોંગ્રેસ સહિતના વિપક્ષોને અનુકૂળ પડે એવું નામ છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાગ્યે જ એમના નામ પર સહમત થશે. ગોપાલકૃષ્ણ ગાંધીએ સનદી અધિકારી તરીકે અને પૂર્વ રાષ્ટ્રપતિ આર. વેંકટરામનના અંગત સચિવ તરીકે કરેલ કામગીરી ઉપરાંત પશ્ચિમ બંગાળના રાજયપાલ તરીકે તટસ્થ અને ગરિમાપૂર્ણ ઈમેજ ઊભી કરેલી છે. તેઓ નૈતિક મૂલ્યો કે બંધારણ સાથે કયારેય સમાધાન ન કરી શકે, બલકે જરૂર પડ્યે સરકારની ટીકા કરવાનું પણ ન ચૂકે. સરકારને તો ફકરુદ્દીન અલી અહમદ કે પ્રતિભા પાટિલ જેવા રાષ્ટ્રપતિ ખપે, જે ચૂપચાપ સરકારી પ્રસ્તાવો પર પિષ્ટપેષણ કર્યા વગર સહી કરી દઈ એને પોતાની રીતે શાસન કરવાની અનુકૂળતા કરી આપે. ભાજપ પાસે રાષ્ટ્રપતિ પદ પર શોભે એવા બે સિનિયર ચહેરા છે : લાલકૃષ્ણ અડવાણી અને મુરલીમનોહર જોષી. કમનસીબે આ બેઉ હમણાં બાબરી વિવાદના આરોપીઓ તરીકે ફસાયા છે. વર્ષોથી ઠરી ગયેલો મુદ્દો ઓચિંતો ભભૂકી ઊઠ્યો એમાં અડવાણી અને જોષીને હાંસિયા બહાર ધકેલી દેવાના કાવતરાની પણ ચર્ચા થતી રહી છે. શત્રુઘ્ન સિન્હાએ એમના આખાબોલા અંદાજમાં રાષ્ટ્રપતિ પદ માટે લાલકૃષ્ણ અડવાણી જ સર્વશ્રેષ્ઠ પસંદગી હોવા જોઈએ એવું નિવેદન કરીને વિવાદ વધાર્યો છે. એનડીએ ઉદ્યોગપતિ રતન તાતા અને ઈન્ફોસીસવાળા સુધા મૂર્તિથી લઈ પ્રકાશસિંહ બાદલ, થાવરચંદ ગહલોત કે શ્રીમતી મુર્મૂ જેવાં નામો ઉછાળી રહ્યું છે, જો કે એ પૈકી કોઈને વિપક્ષો ભાગ્યે જ સ્વીકારવાનું પસંદ કરશે. હારવાની ખાતરી સાથે વિપક્ષો પોતાનો મુરતિયો મેદાનમાં ઉતારીને જ જંપશે. સિવાય કે પ્રણવ મુખર્જીના નામ પર સર્વસંમતિ સાધવાની દરખાસ્ત આવે !

*તંત્રીસ્થાનેથી...*

# ગરવ કીયો સોઈ નર હાર્યો!



**અમર વારસો**
**ડો. રશ્મિકાન્ત મહેતા**

મહિષાસૂર સામેના સંગ્રામમાં ઈન્દ્રનો વિજય થયો. આ વિજય ભગવતી દુર્ગાને કારણે થયો હતો; પરંતુ દેવો એકબીજાની વાહવાહી કરવા લાગ્યા. તેઓ એ અસુરો પર વિજય મેળવ્યો, પરંતુ આસુરી ભાવ-અહંકાર એમના ઉપર હાવી થઈ ગયો. એમને બોધપાઠ મળે, તે જરૂરી હતું.

ચૈત્ર સુદ નોમની બપોરે આશ્ચર્ય થયું. તેમની સામે ઓચિંતો કોઈ પ્રભાવશાળી યત્ર પુરુષ પ્રગટ્યો. તેમને નવાઈ લાગી, 'આ શું થયું ?' ઈન્દ્રે અગ્નિને કહ્યું - 'તું' તપાસ કરી આવ.'

યક્ષ પાસે અગ્નિ આપ્યો. યક્ષે પૂછ્યું - 'તું કોણ છે? શું કરે છે?' અગ્નિએ અભિમાનથી કહ્યું, 'હું જાતવેદ છું. જન્મેલા માત્રને જાણું છું. આસૃષ્ટિમાં જે કાં છે, તેને બાળી શકું છું.' યક્ષે બાજુમાંથી તોડીને ઘાસનું તણખલું મૂક્યું અને કહ્યું - 'આને બાળી નાખ.' અગ્નિએ એને બાળવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. સાતે સાત પ્રકારની જવાળાઓ વાપરી. પરંતુ તણખલું સહેજ શ્યામ પણ પડ્યું નહિ. અંતે થાકી હારીને પાછો ફરી ગયો.

હવે ઈન્દ્રે વાયુને કહ્યું - 'તપાસ કરી આવ.' વાયુ પક્ષની પાસે આવ્યો. યક્ષે પૂછ્યું 'તું કોણ છે? શું કરે છે?' વાયુએ અભિમાનથી જવાબ આપ્યો - 'હું માતરિશ્વા છું. પ્રાણીની અંદર અને બહાર બધે મારી ગતિ છે. હું બધું ઉડાડી શકું.' યક્ષે કહ્યું, 'આ તણખલું છે એને ઉડાડ.' વાયુએ પ્રયત્ન કર્યો. આઠે આઠ વાયુઓને ઉપયોગમાં લીધા. પરંતુ તણખલું સહેજ પણ ચસક્યું નહિ. થાકી હારીને એ પાછો ફર્યો.

હવે ઈન્દ્ર પોતે યક્ષ પાસે આવ્યો એને ઘમંડ હતું કે હું તો દેવોનો પણ રાજા છું. પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે યક્ષ તરત અદૃશ્ય થઈ ગયો! એને તો મુલાકાત જ ન આપી !

ઈન્દ્રને ભારે નાલેશી થઈ - 'સ્વર્ગમાં એ શું મોઢું બતાવશે?'

હવે એ યક્ષની જ જગ્યાએ ભગવતી દેવી પ્રગટ્યા. ઈન્દ્ર શરમને કારણે ઊંચું જોઈ શકે તેમ ન હતો. એણે આશ્વાસન આપ્યું અને સમજાવ્યું - 'સંકોચ છોડી દે હું પરમાત્માની જ સાકાર પરમશક્તિ છું. જે યક્ષ સ્વરુપે પ્રગટ્યા હતા, તે પરમાત્મા હતા. તમને બધાને વિજય અમારે કારણે મળ્યો હતો; પરંતુ 'આ વિજય અમારો છે.' એવા અભિમાનમાં તમે છકી ગયા. 'ઈન્દ્ર સ્વસ્થ થયો. દેવીની સ્તુતિ કરી. દેવી અંતર્ધાન થઈ ગયા.'

ઈન્દ્ર વગેરે દેવોને પ્રતીતિ થઈ ગઈ. 'વિજય કે એવી જે કોઈ સિદ્ધિ મળે, તો અભિમાનમાં છકી ન જવું કે - 'આ મેં કર્યું છે.' આ જે કાંઈ થયું તે ઈશ્વરને કારણે. ઈશ્વરે આપેલી શક્તિને કારણે થયું છે. અમારાથી તો એક ઘાસનું તણખલું પણ બળતું નથી કે ખસતું નથી. તણખલું પણ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે બળે કે ખસે.'

દેવોને જે પ્રતીતિ છે, તે માણસ માત્રની છે. દે દેવોને પણ લાગુ પડતું હોય તે સત્ય માણસને તો લાગુ પડે જ ને? કર્વ કર્યો; એટલે હાર, પતન.

# આંતરરાષ્ટ્રીય નાગરીક ઉડ્ડયન સંગઠનનું મુખ્યાલય ક્યાં આવેલ છે ?



**ખજાનો**
**અનિલ પટેલ**

## આંતરરાષ્ટ્રીય સંગઠનો

(૧) ૧૯૧૯માં સ્થપાયેલ આંતરરરાષ્ટ્ર્ય શ્રમ સંગઠનનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) જીનેવા (સ્વિટ્ઝર્લૅન્ડ) (બ) પેરીસ (ફ્રાન્સ)
(ક) લંડન (યુકે) (ડ) મોન્ટ્રીયલ (કેનેડા)

(૨) ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ (આઈ.એમ.એફ)ની સ્થાપના કયારે કરવામાં આવી ?
(અ) ૧૯૧૯ (બ) ૧૯૪૫
(ક) ૧૯૪૮ (ડ) ૧૯૪૦

(૩) ૧૯૪૬માં શરુ થયેલ યુનિસેફનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) રોમ (ઈટલી) (બ) ન્યુયોર્ક (અમેરિકા)
(ક) મોન્ટ્રીયલ (કેનેડા) (ડ) વિનેયા (ઓસ્ટ્રીયા)

(૪) ૧૯૪૫માં સ્થાપવામાં આવેલ વિશ્વ બેંકનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) ન્યુયોર્ક (બ) વોશિંગ્ટન
(ક) જીનેવા (ડ) પેરીસ

(૫) આંતરરાષ્ટ્રીય નાગરીક ઉડ્ડયન સંગઠનનું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) લંડન (બ) દિલ્હી
(ક) વિયેના (ડ) મોન્ટ્રીયલ

(૬) સ્વદેશીય ટપાલ સંઘ (યુપીયુ) ની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૧૯૩૦ (બ) ૧૯૪૦
(ક) ૧૯૪૫ (ડ) ૧૯૪૮

(૭) સ્વદેશીય ટપાલ સંઘનું મુખ્યાલય કયાં છે ?
(અ) રોમ (ઈટાલી) (બ) મુંબઈ (ભારત)
(ક) મનીલા (ફિલિપાઈન્સ) (ડ) હેગ (નેધરલેન્ડ)

(૮) ૧૯૮૫માં સ્થપાયેલ સાર્કનું મુખ્યાલય કયાં છે ?
(અ) કોલકાત્તા (બ) શાંઘાઈ
(ક) જાકાર્તા (ડ) કાઠમડું

(૯) સંયુક્ત રાષ્ટ્રસંઘ પર્યાવરણ કાર્યક્રમ (યુએનઈપી) નું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) ટોકિયો (બ) વિયેના
(ક) નૈરોબી (ડ) મનીલા

(૧૦) ઈટલીના રોમ ખાતે આવેલ આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ કોષની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૧૯૭૦ (બ) ૧૯૭૪
(ક) ૧૯૭૬ (ડ) ૧૯૮૦

(૧૧) વ્યાપક પરમાણું પરિક્ષણ પ્રતિબંધ સંધિ સંઘઠન (સીટીબીટી) નું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) જીનિવા (બ) વોશિંગ્ટન
(ક) પેરીસ (ડ) વિયેના

(૧૨) બેલ્ઝિયમના બ્રસેલ ખાતે આવેલ યુરોપીય સંઘ (ઈયુ)ની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૫
(ક) ૧૯૭૮ (ડ) ૧૯૭૫

(૧૩) યુરોપીય અંતરીક્ષ એજન્સીનું મુખ્યાલય કયાં છે ?
(અ) પેરીસ (બ) જીનિવા
(ક) રોમ (ડ) વેટીકન

(૧૪) સંયુક્ત રાષ્ટ્રસંઘ વિશ્વ વિદ્યાલય (યુએનયુ) નું મુખ્યાલય કયાં છે ?
(અ) જાકાર્તા (બ) ટોકિયો
(ક) મનીલા (ડ) લિયોન્સ

(૧૫) ૧૮૬૩માં સ્થાપાયેલ રેડક્રોસનું મુખ્યાલય કયાં છે?
(અ) કાહિટા (બ) પેરીસ
(ક) જીનેવા (ડ) લંડન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વૈજ્ઞાનિકોના જન્મ દિવસ**

- **૧૬ જુન ૧૮૮૮ : એલેકઝેન્ડર એલેક્સઝેન્ડ્રોવીચ ફ્રીડમાન :** રશિયન ગણિતશાસ્ત્રી. મેથેમેટીકલ એનાલીસીસ કરનાર પ્રથમ ગણિતશાસ્ત્રી.
- **૧૬ જુન ૧૮૮૦ : ઓટ્ટો એસીનમીસાલ :** ઓસ્ટ્રેલીયન - અમેરીકન રસાયણશાસ્ત્રી. માછલીના શરીરમાંથી પ્રેસરથી ઓઈલ કાઢવાની પદ્ધતિ આપનાર
- **૧૮ જુન ૧૮૭૬ : ફ્રેડરીચ વેન્ટ :** ડચ જીવવૈજ્ઞાનિક, નેધરલેન્ડના યુનિવર્સિટીના બોટાનીકલ ગાર્ડનના હેડ રહી ચૂક્યા છે.
- **૧૮ જુન ૧૮૪૫ : એલ્ફોન્સ લાવરેન :** ફ્રેન્ચ ફીઝીશીયન તથા પેથોલોજીસ્ટ- મલેરીયા માનવ રક્તમાં થતા વિષાણુ પ્રવેશના કારણે થાય છે તેવું સંશોધન કરનાર
- **૧૯ જુન ૧૯૦૬ : સર અર્નેસ્ટ બોરીસ ચેઈન :** જર્મન ઈંગ્લીંશ બાયોકેમીકલ ૧૯૪૫માં નોબેલ પ્રાઈઝ મેળવનાર વૈજ્ઞાનિક. પેનીસીલીનના શોધક એલેક્ષઝેન્ડરના સહાયક
- **૧૯ જુન ૧૮૯૭ : સર સ્રીલીનોર્મન હિન્સેલ વુડ :** ઈંગ્લીશ ભૌતિક-રસાયણશાસ્ત્રી. હાઈડ્રોજન અને ઓક્સીજન ભેગા થવાથી પાણી બને છે તેના પર સંશોધન કરનાર.
- **યુરો ટનલ :** યુકે અને ફ્રાન્સ વચ્ચે ઈંગ્લીશ ખાડીમાં દરિયાની નીચે ૫૦ કિ.મી. લાંબી રેલવે ટનલ બનાવવામાં આવી છે. યુકેના ફોલ્કસ્ટોનથી શરુ થઈ ઉત્તર ફ્રાન્સના કેલીસ સ્થાનો વચ્ચે આ ટનલ બનાવવામાં આવી છે. ૧૯૮૮માં આ ટનલ બનાવવાની શરુઆત થઈ હતી. જે ૬ મે ૧૯૯૪માં પુરી કરવામાં આવી હતી. આ ટનલમાં બંને દેશો વચ્ચે આવન-જાવન માટે ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી ટ્રેનો દોડે છે. દુનિયાની આ સૌથી મોટી દરિયાના નીચેની ટનલ છે.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : સંજય રાઉત કયા પક્ષના સંસદ સભ્ય છે ?**

**જવાબ : શિવસેના**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) નટુભાઈ દરજી : પેથાપુર
(૬) હાર્દિક મકવાણા : સેક્ટર-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતના પ્રભારી તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) બ (૪) બ (૫) ડ (૬) ડ (૭) અ (૮) ડ (૯) ક
(૧૦) ક (૧૧) ડ (૧૨) બ (૧૩) અ (૧૪) બ (૧૫) ક

# ડૉક્ટર, દર્દી, મેડીકલ સ્ટોર ત્રણે ભેગા મળીને સરકારને સારો એવો ચૂનો આપી દેતા



**તન દુરસ્તી**
**મહેન્દ્ર ગજ્જર**
**ડો. દિનેશ રાઠોડ**

છનાભાઈ સરકારમાં એક સારા હોદ્દા ઉપર હતા. જેને કહીએ કે હેડ ક્લાર્ક. છનાભાઈની એક સારી ટેવ સેવાભાવી. બધાને ખૂશ રાખે. ડૉક્ટરો અને દર્દી વચ્ચેની સારી કડી તરીકે કામ કરતા. કડી તરીકે એટલે શું? એ જરા સમજાવો. એટલે છનાભાઈ ડૉક્ટરને કહેતા કે સાહેબ હું તમને એક દર્દી મોકલું છું. પૈસા જે થતાં હોય તેનાથી થોડા વધારે કહેવાના અને થોડા ઓછા કરીને પૂરા પૈસા કરતા થોડા વધારે લેવાના. દર્દીને એવું કહેતા કે સાહેબને મે ભલામણ કરી દીધી છે, સાહેબના મે બહુ જ કામ કર્યા છે. એટલે બહુ જ ઓછા પૈસામાં તમને તપાસી આપશે, દવાઓ પણ ત્યાંથી આપશે. (સેમ્પલની) અને ફટાફટ તમને લઈ લેશે, ગમે તેટલા દર્દીઓ હશે તો પણ મારું નામ આપશો તો તમને તરત જ બોલાવી લેશે. સાહેબના કન્સલ્ટીંગ રૂમ આગળ એક ભીખા નામનો વ્યક્તિ બેઠો હશે એને મારું નામ આપશો તો એ ખુશ થઈને તમને સાહેબ પાસે લઈ જશે. પ્રશ્ન એ થાય કે છનાભાઈ એવું તો શું કામ કરતા હતા કે જેનાથી ડૉક્ટર, દર્દી પર પોતાનું વર્ચસ્વ જમાવી રાખતા હતા. તો એનું એક જ કારણ કે છનાભાઈ મેડીકલ ફીલ્ડ હોઈ, સરકારમાં કોઈ કાગળીયા કરાવવાના હોય કે બીજું કોઈપણ કામ હોય એ બધામાં બધા જ માણસો ડૉક્ટરો અને સરકારી ઓફિસરો છનાભાઈને ફોન કરતા અને છનાભાી સાહેબ તમારું કામ થઈ જશે. ફલાણા ભાઈ તો મારો દોસ્ત છે. બધી જગ્યા ઉપર આ જ વાત ચાલતી. બંને જણને ફાયદો. જેમ દર્દીને ફાયદો અને ડૉક્ટરને પણ ફાયદો. અને હા વચ્ચે એક તો બહુ મોટી વાત રહી ગઈ... દવાવાળાને પણ ફાયદો. છનાભાઈ બહુ મોટા કલાકાર હતા. દવાવાળાની દુકાને પહેલા એવું કરતાં કે બિલ દવાનું બનાવવાનું અને સાહેબના ઘરે એટલી રકમની બીજી ઘરવપરાશની વસ્તુઓ જેવીકે, ટુથપેસ્ટ, પાવડર, સાબુ, શેમ્પુ વગેરે ઘરે પહોંચી જતું. અમુક તો એવું હતું કે ડૉક્ટર, દર્દી, મેડીકલ સ્ટોર ત્રણે ભેગા મળીને સરકારને સારો એવો ચૂનો આપી દેતા. અરે ભાઈ, જરા વિચારીને, ભાન રાખીને બોલો. ડૉક્ટર દર્દીને મેડીકલ સ્ટોરથી ડૉક્ટરને ચૂનો કેવી રીતે આપી શકે. તો સાંભળો... આ પ્રકારના કામ બે રીતે થાય છે. (૧) ડૉક્ટર - દર્દી અને મેડીકલ સ્ટોરવાળા ભેગા થઈને અમૂક દવાઓ અથવા તો ઘરની વસ્તુઓ લઈ લેવાની અને સામે મેડીકલ સ્ટોર એનું બિલ બનાવે, એની ઉપર ડૉક્ટર કાઉન્ટર સહી કરે. અરે ભાઈ, શેની ઉપર કાઉન્ટર સહી કરે ? અને હા ડૉક્ટરે લખી તો દવાઓ જ હોય, મફત નહીં હો... જેટલું બિલ થતું હોય એના ૨૦ટકા કે ૩૦ટકા ડૉક્ટરને જ રોકડા આપી દેવાના. બાકીના ૨૦ ટકા મેડીકલ સ્ટોર વાળો રાખી લે. બાકીના ૧૦થી ૨૦ટકા છનાભાઈ રાખી લે અને બાકી જે વધ્યું હોય તે જે સાહેબનું બિલ હોય તે સાહેબને વસ્તુ મળે અથવા તો પૈસા મળે. બોલો સાહેબ મજાની વાત છે ને. અને આ પ્રકારનો ધંધો અથવા તો આ પ્રકારનો વેપાર એ આખા ગુજરાતમાં થઈને કરોડોમાં થતો હશે. બોલો હવે આને તમે શું કહેશો ? ઉપરનું મારું કહેવાનું સાચું છે કે ડૉક્ટર - દર્દી - મેડીકલ સ્ટોરવાળા મળીને સરકારને સારો એવો ચૂનો આપી દેતા હોય છે.

અમારા એક મિત્ર જેનું નામ ગમે તે કહેવાય... સાચુ નથી... પણ ડાહ્યાભાઈ કહીએ.. ડાહ્યાભાઈ એ તો એવું ગાડું કરેલું કે આપણે સાંભળીએ તો આપણને રડવું અને હસવું બંને આવે. ડાહ્યાભાઈએ તો ગાંધીનગરના મેડીકલ સ્ટોરની બિલ બુક ઘરે જ છપાવીને રાખેલી. જે ઘરાકને જે મેડીકલ સ્ટોરમાં સંબંધ હોય તેનું બિલ લખી આપવાનું અને મેડીકલ સ્ટોરને કાપી નાખીને એટલે ? એને કમિશન નહીં ચુકવવાનું અને એ ડાહ્યાભાઈ અને ઘરાક ખાી જતા. એટલે ડૉક્ટર ૧૦૦ રૂ.ના બિલ ઉપર સહી કરીને આરામથી ૩૦ થી ૪૦ રૂપિયા કમાઈ લેતા. એટલે ડૉક્ટરને તો કશું જ કર્યા સિવાય દિવસના ૧૦ - ૧૫ દર્દીના બિલ બનાવો એટલે ભયો ભયો... સાહેબ આ વાત તો વર્ષો જુની છે. હવે તો ડૉક્ટર - દર્દી અને મેડીકલ સ્ટોરવાળાઓએ એટલા સુંદર રસ્તા શોધી નાખ્યા છે કે જેનાથી સરકારને સોનાનો ચૂનો લગાડી શકાય તેમ છે. એવી જ રીતે લેબોરેટરીમાં પણ આવા જ ધંધા ઘણા ચાલતા હોય છે. જેમાં ડૉક્ટર અને લેબોરેટરીનો સીધો જ સંબંધ હોય છે. બધી જગ્યા ઉપર બિલાડીના ટોપની જેમ લેબોરેટરીઓ ખૂલતી જાય છે. કોર્પોરેટ સેક્ટર મોટા મોટા રોકાણ કરી આખા ભારતમાં, આખી દુનિયામાં પોતાની જુદી જુદી ફ્રેન્ચાઈઝી આપીને પોતાનો દબદબો કાયમ કરતા રહ્યા છે. એમાં દર્દીને કેટલો ફાયદો થતો હશે એ કહેવું ખૂબ જ અઘરું છે. જે લોકો કામ કરે છે એટલે કે પેથોલોજીસ્ટ, બાઈક્રોબાયોલોજીસ્ટ એ લોકોને થોડા પૈસા આપી નોકરીએ રાખી અને એમનું શોષણ કોર્પોરેટવાળા કરી રહ્યા છે અને વધુ પણ કરશે. એટલે કહેવાનો મતલબ એ છે કે ડૉક્ટર અને કોર્પોરેટ લેવલની લેબોરેટરીઓ મળીને દર્દીનું હિત કરતા અહિત વધારે કરી રહ્યા છે. જે લોકો ક્વોલીફાઈડ છે અને જેમના લીધે લેબોરેટરી ચાલે છે તેમની હાલત રોજ રોજ ખરાબ થતી જાય છે. જ્યારે ખાલી રોકાણ કરી ડૉક્ટરોને સાચવે છે, સાચવે છે એટલે ? ડૉક્ટર જે કહે તે પ્રમાણે એને મદદ પૈસા અથવા તો અન્ય વસ્તુની મદદ કરીને ખરીદી લે છે અને બિનજરૂરી લાંબા લાંબા ટેસ્ટ ડૉક્ટરને લખવાની ફરજ પાડીને સમાજનું અહિત કરી રહ્યા છે. અરે રામદાસ.. તમારો રસ્તો ક્યાં વળી ગયો. તો ડૉક્ટર

**અનુસંધાન પાના નં. ૭ પર**